# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 21-05-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

****************************************************

1) વર્ષ 2029માં દેશમાં "એક રાષ્ટ્ર એક ચૂંટણી" લાગુ થશે તો રાજ્યમાં વર્ષ 2034માં વિધાનસભા ચૂંટણી યોજાશે – સંયુક્ત સંસદીય સમિતિના વડા પી. પી. ચૌધરીનું નિવેદન.

2) વિશ્વસ્તરની તાલીમ સુવિધા સાથે દેશની સૌથી મોટી ઔદ્યોગિક તાલીમ સંસ્થા મહેસાણાના વડનગર ખાતે કાર્યરત્.

3) સાબરકાંઠાની ભોલેનાથ ડેરીમાંથી બે હજાર 500 કિલોથી વધુનો ભેળસેળયુક્ત માવાનો જથ્થો જપ્ત.

4) સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લામાં આવતીકાલે માવઠાની આગાહી.

5) રાજ્યનાં દિવ્યાંગ ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે તાઈવાનમાં યોજાયેલી આંતર-રાષ્ટ્રીય સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો.

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# JPC ON 1 NATION 1 ELECTION

"એક રાષ્ટ્ર એક ચૂંટણી" પ્રસ્તાવ અંગે રચાયેલી સંયુક્ત સંસદીય સમિતિ – JPCના અધ્યક્ષ પી. પી. ચૌધરીએ કહ્યું, દેશમાં એકસાથે ચૂંટણી થવી જોઈએ તે સુધારા માટે વિવિધ રાજ્યમાં જઈ JPCએ લોકોને સાંભળ્યા. આ જ કડીમાં સમિતિએ ગુજરાતમાં પણ વિવિધ નિષ્ણાતોના પ્રતિભાવ મેળવ્યા.

ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી ચૌધરીએ કહ્યું, રાજ્યમાં વર્ષ 2027ની વિધાનસભા ચૂંટણી પછી સરકારનો સમયગાળો પાંચ વર્ષનો જ રહેશે. બાકીના સમય માટેની સ્થિતિ અંગે કેન્દ્ર સરકાર નિર્ણય કરશે. વર્ષ 2029માં જો, દેશમાં "એક રાષ્ટ્ર એક ચૂંટણી" લાગુ થઈ જશે તો વર્ષ 2034માં તમામ ચૂંટણીઓ એકસાથે યોજાશે તેમ પણ શ્રી ચૌધરીએ ઉમેર્યું.

(BYTE: P. P. CHAUDHARI, CHAIRMAN, JPC)

ઉલ્લેખનીય છે કે, JPCની ટીમના 39 સભ્યો મંગળવારથી ત્રણ દિવસ રાજ્યના પ્રવાસે હતા. દરમિયાન તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, રાજકીય પક્ષના નેતાઓ, વિવિધ અગ્રણી અધિકારીઓ અને અન્ય મહાનુભાવો સાથે ઉંડાણપૂર્વક ચર્ચા કરી હતી.

# L&T TALIM SANSTHA

લાર્સન એન્ડ ટૂબ્રો – L&T કંપનીની વિશ્વસ્તરની તાલીમ સુવિધા સાથે દેશની સૌથી મોટી ઔદ્યોગિક તાલીમ સંસ્થા મહેસાણાના વડનગર ખાતે કાર્યરત્ થઈ. સત્તાવાર યાદી મુજબ, રાજ્ય સરકારના સહકારથી તૈયાર થયેલી આ સંસ્થાનો હેતુ યુવાનોને રોજગાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવાનો છે. અહીંથી બે પાયલોટ બેચનાં કુલ 201 તાલીમાર્થીઓની તાલીમ પૂર્ણ પણ થઈ છે.

વડનગર ખાતે 45થી 90 દિવસની તાલીમ પામેલા યુવાનો હાલ સેમિ-કન્ડક્ટર ફેબ ઉદ્યોગ ધોલેરા, અમદાવાદ-મુંબઈ બૂલેટ ટ્રેન, અમદાવાદ મેટ્રો પરિયોજના, ખંભાળિયાના સોલાર પાવર પ્લાન્ટ અને પાણિપત રિફાઇનરી પરિયોજના જેવી પરિયોજનામાં 18 હજારથી 20 હજાર રૂપિયા સુધીના સ્ટાઈપેન્ડ પર કામ કરે છે.

# BRICS GANDHINAGAR

ગાંધીનગરમાં કેન્દ્રીય કાયદા અને ન્યાયમંત્રી અર્જુનરામ મેઘવાલે બ્રિક્સ દેશ એટલે કે, બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાના ન્યાયમંત્રીઓ સાથે મુલાકાત કરી. ત્યારબાદ પત્રકારો સાથેની વાતચીતમાં શ્રી મેઘવાલે કહ્યું, 21-મી સદીની સુલભ, સમયસર અને નાગરિક કેન્દ્રીત ન્યાય પ્રણાલિઓ માટે મધ્યસ્થી અને તેના દ્વારા વૈકલ્પિક વિવાદ નિરાકરણને મજબૂત બનાવવા જેવા મુદ્દાઓ પર બેઠકમાં ચર્ચા કરવામાં આવી.

(BYTE: ARJUN RAM MEGHWAL, UNION MINISTER OF STATE FOR LAW & JUSTICE)

# PANSHERIYA

સાબરકાંઠાના તલોદમાં આવેલી ભોલેનાથ ડેરીમાંથી આશરે બે હજાર 500 કિલોથી વધુનો ભેળસેળયુક્ત માવાનો જથ્થો કબજે કરાયો. આ અંગે આરોગ્ય મંત્રી પ્રફૂલ પાનશેરિયાએ કહ્યું, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આકસ્મિક તપાસ કરાતા ડેરીમાંથી પાંચ લાખ રૂપિયાની કિંમતનો માવાનો જથ્થો જપ્ત કરાયો.

સાથે જ ખૂબ જ ગંદકી વચ્ચે બનેલા 550 કિલો અખાદ્ય માવાનો સ્થળ પર જ નાશ કરાયો હતો. એટલું જ નહીં, ભોલેનાથ ડેરીનું ફૂડ લાઈસન્સ પણ સસ્પેન્ડ કરાયું હોવાનું શ્રી પાનશેરિયાએ જણાવ્યું.

# MID BREAK- NEWS- REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

# OPERATION MILAP POLICE

રાજ્ય પોલીસે ઑપરેશન મિલાપ હેઠળ સાતથી 21 મે દરમિયાન ગુમ થયેલા 701 લોકોને શોધી કાઢ્યા. આ અંગે રાજ્ય પોલીસ વડા – DGP ડૉ. KLN રાવે કહ્યું, રાજ્યના દરેક પોલીસ કમિશનર અને જિલ્લા પોલીસ અધિક્ષકને લાંબા સમયથી બાકી રહેલા ખોવાયેલા લોકોના કેસને ફરી ખોલવા, તેમની સમિક્ષા કરવા અને ઉંડાણપૂર્વક તપાસ કરવા સૂચના અપાઈ છે.

**(BYTE: DR. KLN RAO, DGP GUJARAT)**

# BK DRUGS SEIZED

વાવ-થરાદ સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ – SOGએ બે લાખ રૂપિયાથી વધુની કિંમતના કેફી પદાર્થ સાથે ત્રણ લોકોની ધરપકડ કરી. થરાદ ટાઉન વિસ્તારમાં વાવ-થરાદ હાઈવે તરફથી આવતી કારની પોલીસે તપાસ કરતા બે લાખ રૂપિયાથી વધુની કિંમતનો અંદાજે 66 ગ્રામ કેફી પદાર્થ મળી આવ્યો. આ સાથે જ પોલીસે સાત લાખ રૂપિયાથી વધુનો સામાન પણ કબજે કર્યો છે.

# WEATHER FORECAST

રાજ્યમાં કેટલાક જિલ્લામાં તાપમાનનો પારો 40 ડિગ્રી સેલ્સિયસને પાર પહોંચ્યો છે. દરમિયાન હવામાન વિભાગે આવતીકાલે ગીર સોમનાથ, અમરેલી, નવસારી, ડાંગ તથા દમણ, દાદરા અને નગરહવેલીમાં કમોસમી હળવાથી મધ્યમ વરસાદની આગાહી હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

**(BYTE: DR. A. K. DAS, DIRECTOR, IMD AHMEDABAD)**

# GOOGLE MAP AMDAVAD

અમદાવાદ લાઈવ ટ્રાફિક ડેટા, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I. આધારિત આયોજનથી દેશનું અગ્રણી અદ્યતન ગતિશીલ શહેર બનશે. આ માટે મહાનગરપાલિકા દ્વારા ગૂગલ મેપ્સના "રોડ મેનેજમેન્ટ ઇનસાઈટ્સ - RMI" નામના અધ્યતન ટ્રાફિક બુદ્ધિમત્તા મંચનો પાયલટ પ્રોજેક્ટ શરૂ કરાશે. શહેરમાં ટ્રાફિક નિયંત્રણ માટે ગુગલ મેપ્સ ટેક્નોલૉજીનો ઉપયોગ કરાશે. તેમ મહાનગરપાલિકાના કમિશનર બંછાનિધિ પાનીએ જણાવ્યું.

(BYTE: BANCHHANIDHI PANI, COMMISSIONER, AMC)

# ITTR BHAVINA PATEL GOLD

રાજ્યનાં દિવ્યાંગ ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે આંતર-રાષ્ટ્રીય ટેબલ ટેનિસ મહામંડળ - ITTF વર્લ્ડ પેરા એલિટ તાઈપેઈ 2026માં સુવર્ણ ચંદ્રક જીત્યો. તાઈવાનના તાઈપેઈ શહેરમાં 17થી 21 મે દરમિયાન યોજાયેલી સ્પર્ધાની મહિલા સિંગલ્સ શ્રેણીમાં આ સિદ્ધિ મેળવનારાં ખેલાડી ભાવિના પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં આ અંગે માહિતી આપી હતી.

સ્પર્ધામાં મહિલા ડબલ્સની સેમિફાઈનલની બીજી મેચમાં તેમણે કોરિયાનાં મૂન સુંધયેને હરાવ્યાં. જ્યારે મહિલા ડબલ્સ અને મિક્સ્ડ ડબલ્સની ફાઈનલ મેચમાં કોરિયાની જોડી સામે તેમનો પરાજય થયો હતો.

# IPL CRICKET TODAY MATCH

ઇન્ડિયન પ્રીમિયર લીગ – IPL ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને ચેન્નઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હમણાં સાડા સાત વાગ્યે મેચ શરૂ થશે. હાલમાં મળતા અહેવાલ મુજબ, ઋતુરાજ ગાયકવાડની આગેવાની હેઠળની ચેન્નઈની ટીમે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી છે.

પોઈન્ટ ટેબલમાં હાલ ગુજરાત બીજા અને ચેન્નઈની ટીમ સાતમા ક્રમ પર છે.

# VLS PRE MONSOON MEETING

વલસાડ જિલ્લા કલેક્ટર નીતિન સાંગવાને આગામી ચોમાસામાં લોકોને મુશ્કેલી ન પડે અને માનવમૃત્યુ ન થાય તેની તકેદારી રાખવા અધિકારીઓને સૂચના આપી. કલેક્ટર કચેરી ખાતે ચોમાસા પૂર્વેની કામગીરીની સમીક્ષા કરતા તેમણે તમામ સાધન-સામગ્રી, મોબાઈલ નંબર અને સાધનોને અપડેટ રાખવા જણાવ્યું હતું.

# STATE POLICE APPEAL

રાજ્ય પોલીસે વસતિ ગણતરીના નામે થતી છેતરપિંડીથી સાવધાન રહેવા લોકોને અપીલ કરી છે. સત્તાવાર યાદી મુજબ, વસતિ ગણતરીના બહાને લોકોને છેતરવા અસામાજિક તત્વો દ્વારા મોકલાતી નકલી લિન્ક પર ક્લિક ન કરવા તેમજ એપીકે ફાઈલ ડાઉનલોડ ન કરવા પોલીસે અનુરોધ કર્યો છે.

# STD 12 MARKSHEET

ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાની ઉત્તરવહીના રૂબરૂ અવલોકનની પ્રક્રિયા આગામી 28 અને 29 તારીખે યોજાશે. અરજી કરનારા ઉમેદવાર આ માટેનું પ્રવેશપત્ર SCI.GSEB.ORG અથવા GSEB.ORG વેબસાઈટ પર તેમનો બેઠક ક્રમાંક અને અરજી કરતી વખતે નોંધાયેલા મોબાઈલ નંબર ભરીને આજથી ડાઉનલોડ કરી શકશે.

કોઈ પણ ઉમેદવારને અવલોકન માટેના પ્રવેશપત્ર ટપાલ દ્વારા મોકલાતો ન હોવાની પણ બોર્ડ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે.

# SK NQAS CERTIFICATE

સાબરકાંઠાના વધુ છ આયુષ્માન આરોગ્ય કેન્દ્રને રાષ્ટ્રીય ગુણવત્તા ખાતરી ધારાધોરણ – NQAS પ્રમાણપત્ર એનાયત કરાયા. આરોગ્ય સંસ્થાઓમાં દર્દીઓની ગુણવત્તાયુક્ત સારવાર, સંક્રમણ નિયંત્રણ, કર્મચારીઓની સજ્જતા, સ્વચ્છતા વ્યવસ્થા તેમજ દર્દી કેન્દ્રીત સેવાઓ જેવા માપદંડોના મૂલ્યાંકન બાદ રાજપુર, મૌછા, પેઢમાલા, મોયાદ, ઉંચી-ધનાલ અને ભાંભુડી આયુષ્માન કેન્દ્રને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા આ પ્રમાણપત્ર અપાયું. આ સિદ્ધિ સાથે જ જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ 124 આરોગ્ય સંસ્થાઓને NQAS પ્રમાણપત્ર મળ્યા છે.